**સાયન્સ એક્સપ્રેસ – બાયોડાયવર્સિટી સ્પેશિયલ**

**ટૂંકી નોંધ**

'સાયન્સ એક્સપ્રેસ' એ વિશિષ્ટ પ્રકારની 16 વાતાનુકુલીત કોચ ધરાવતી રેલગાડીમાં મઢેલું એક અનોખુ ફરતું પ્રદર્શન છે જે ઓક્ટોબર2007 થી ભારતભરમાં પ્રવાસ કરી રહ્યું છે. ભારતમાં ચાર તબક્કાના સફળ પ્રવાસ બાદ આ પ્રતિકાત્મક પ્રદર્શન 'સાયન્સ એક્સપ્રેસ – બાયોડાયવર્સિટી સ્પેશિયલ (SEBS)' તરીકે વર્ષ 2012થી ભારતીય રેલ નેટવર્ક પર ચાલી રહ્યું છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘના 2011-2020 નાં વર્તમાન દાયકાને જૈવવિવિધતાના દાયકા તરીકેની ઘોષણા સાથે, અને ભારતના 2012 દરમ્યાન જૈવિક વિવિધતાના સંમેલન માટે COP11 પક્ષના પરિષદનું નેતૃત્વ સંભાળવા, સાયન્સ એક્સપ્રેસની 'જૈવવિવિધતા' વિષય પર પુનઃરચના કરવામાં આવી અને 2012થી તે 'સાયન્સ એક્સપ્રેસ – બાયોડાયવર્સિટી સ્પેશિયલ (SEBS)' તરીકે ચાલી રહેલ છે. 'ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી' અને 'મિનિસ્ટ્રી ઓફ એનવાર્યનમેન્ટ,ફોરેસ્ટ અને ક્લાઇમેટ ચેન્જ (MoEF&CC)', ભારત સરકારનો આ એક અજોડ સહિયારો પ્રયાસ છે.

ભારત સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન ખાતાનાં માનનીય મંત્રી શ્રી.પ્રકાશ જાવડેકર, એ સમયનાં રેલ્વે મંત્રી શ્રી.ડી.વી. સદાનંદ ગૌડા તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી ખાતાના ભૂતપૂર્વ મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંઘના હસ્તે 28 જુલાઇ 2014 ના રોજ દિલ્લીના સફદરજંગ રેલ્વે સ્ટેશને SEBS ના ત્રીજા તબક્કાનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન 28 જુલાઇ2014થી 6 ફેબ્રુઆરી2015 ના વર્તમાન તબક્કામાં ભારતભરમાં 56 સ્થળોએ ફરશે. મુલાકાતીઓ માટે દરેક સ્થળોએ લગભગ 3-4 દિવસ માટે આ પ્રદર્શન ખુલ્લુ રાખવાનું નિશ્ચિત કરવામાં આવ્યું છે.

સાયન્સ એક્સપ્રેસ પ્રદર્શન ટ્રેને ઓક્ટોબર, 2007 એટલે કે એના પ્રારંભથી અત્યાર સુધીમાં ભારતભરમાં 1,20,861 કિ.મી.નો પ્રવાસ કર્યો છે. અત્યાર સુધીમાં 388 સ્થળોએ કરેલા 1375 પ્રદર્શની દિવસોમાં 1.30 કરોડ (13 મિલિયન) લોકોએ આ ટ્રેનની મુલાકાત લીધી છે. આમ,સાયન્સ એક્સપ્રેસ એ ભારતનું મોટામાં મોટું, લાંબુ, મહત્તમ મુલાકાતીઓ ધરાવતું અને ઘણા વિક્રમો સ્થાપિત કરી ચૂકેલું ફરતું વિજ્ઞાન પ્રદર્શન છે.

SEBS પરનાં આ કલાત્મક પ્રદર્શનનો મુખ્ય ઉદ્દેશ સમાજનાં વિવિધ સંપ્રદાયો, ખાસ કરીને વિદ્યાર્થીઓમાં ભારતની જૈવવિવિધતા, આબોહવા પરિવર્તન અને એવી બીજી સમસ્યાઓ વિશે જાગરૂકતા પેદા કરવા માટેનો છે. આમ, શાળા અને કોલેજના વિદ્યાર્થીઓની સાથે સાથે શિક્ષકો પણ વ્યાપક પ્રમાણમાં આ પ્રદર્શન નિહાળે એ એનો મુખ્ય લક્ષ્યાંક છે.

SEBS ના 16 કોચમાંથી 8 કોચના સમર્થક MoEF&CCછે જે ફક્ત ભારતના જૈવ-ભૌગોલિક વિસ્તારમાં ફેલાયેલ અસંખ્ય જૈવવિવિધતા જેવાં કે ઉત્તર-પૂર્વીય હિમાલય પર્વતમાળાઓ, ગંગાના મેદાનો, ઉત્તર-પૂર્વ ભારત, પશ્ચિમ ઘાટ, ભારતીય રણો, અંશતઃ શુષ્ક વિસ્તાર, ડેક્કન દ્વિપકલ્પ અને દરિયા કિનારા તથા ટાપુઓના પ્રદર્શન માટે જ સમર્પિત છે. આ ઉપરાંત આ પ્રદર્શનમાં દરિયાઇ, તટવર્તી, વન, સૂક્ષ્મજીવાણુઓ અને કૃષિ જૈવવિવિધતા અને તેમની આજીવિકાના જોડાણની સાથે સાથે તેમના સંરક્ષણને પડકારતા અન્ય વિવિધ પાસાઓને પણ આવરી લેવામાં આવ્યા છે.

બાકીના કોચમાંDST એ આબોહવા પરિવર્તન, જૈવવિવિધતા અને પાણી, સ્થાયી પર્યાવરણ અને ઊર્જા સંરક્ષણ જેવાં વિષયો પર પ્રદર્શન મૂક્યા છે. એક કોચમાં બાળકો માટેનો એક વિભાગ બનાવવામાં આવ્યો છે જેમાં બાળકોને વ્યસ્ત રાખવા માટે વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણને લગતી ભરપૂર આનંદ આપતી પ્રવૃત્તિઓ, રમતો અને કોયડાઓ રાખવામાં આવ્યા છે. વધુમાં, એક કોચમાં ખૂબ લોકપ્રિય એવી Joy of Science (JOS) -'વિજ્ઞાનનો આનંદ' પ્રવૃત્તિલક્ષી પ્રયોગશાળા બનાવવામાં આવી છે. આ ફરતી પ્રયોગશાળામાં વિદ્યાર્થીઓ જુદા જુદા પ્રયોગો અને પ્રવૃત્તિઓ જાતે કરીને પર્યાવરણ, વિજ્ઞાન અને ગણિત જેવાં વિષયોની સમજ રસપ્રદ રીતે મેળવે છે. શિક્ષકોના ઓપનિર્માણ માટે ચર્ચા વિચારણા સહ તાલીમ સુવિધા આ કોચમાં પૂરી પાડવામાં આવે છે.

06જાન્યુઆરી 2015

SEBS નો સંદેશો મજબૂત કરવા માટે સાયન્સ એક્સપ્રેસનાં દરેક મુકામ વખતે દરેક ઉંમરના મુલાકાતીઓ પાસે કરાવવામાં આવતી પ્રવૃત્તિઓનું અગાઉથી આયોજન કરવામાં આવે છે જેમાં આકર્ષક અને ખૂબ લોકપ્રિય એવી લોકો સુધી પહોંચીને સ્થાનિક શાળાઓ અને સંસ્થાઓમાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ અને સાથે સાથે રેલ્વે પ્લેટફોર્મ પર કરવામાં આવતી રસપ્રદ પ્રવૃત્તિઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હોય છે. MoEF&CCના રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ (NEAC)અને નેશનલ ગ્રીન કોર્પ્સ (NGC) સાથે સંકળાયેલ સ્થાનિક શાળાઓ અને સંસ્થાઓ પણ લોકો સુધી પહોંચવામાં મદદ કરે છે.

પ્રદર્શનને આગળ ધપાવવામાં ફાળો આપનાર જ્ઞાન ભાગીદારો અને તજજ્ઞોનો સખત પરિશ્રમ આ આખાયે પ્રદર્શનમાં પ્રતિબિંબિત થાય છે. MoEF&CCના DST અને ભારતીય રેલ્વે સાથેની ભાગીદારીના સહપ્રયાસથી આ જૈવવિવિધતા પ્રદર્શન સાકાર થયું છે. અમદાવાદનાં પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર (CEE) અને વિક્રમ એ. સારાભાઇ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર (VASCSC) એ અન્ય સંસ્થાઓની જ્ઞાન ભાગીદારી સાથે આ પૈડા પરનું અનોખું પ્રદર્શન વિકસાવ્યું છે.

SEBSને ભારતભરમાં લઇ જવાના સંયોજનનું કાર્ય DSTએ VASCSCને સોપ્યું છે. ઉચ્ચ લાયકાત ધરાવતી, તાલીમ પામેલી અને અત્યંત પ્રોત્સાહિત વિજ્ઞાન સંચારકોની, ટ્રેનમાં પ્રવાસ કરતી VASCSCની ટીમ આ પ્રદર્શન વિશે અર્થઘટન અને સમજ આપે છે, પ્રશ્નોના જવાબ આપે છે, મુલાકાતીઓને સુવિધા આપે છે અને પૂરક પ્રવૃત્તિઓ કરાવે છે.

પ્રદર્શનની મુલાકાત દરેક વ્યક્તિ લઇ શકે છે પરંતુ તે મુખ્યત્વે વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને લક્ષમાં રાખીને વિકસાવાયુ છે. વધુ માહિતી www.sciencexpress.inવેબસાઇટ પર ઉપલબ્ધ છે.

પ્રદર્શનની મુલાકાત માટે કે અન્ય કોઇ પ્રશ્ન માટે sciencexpress@gmail.com પર ઇ-મેઇલ કરો અથવા મો.નં.09428405407 પર ટ્રેન પરની ટીમનો સંપર્ક સાધો. શાળાના વિદ્યાર્થીઓ 20 સુધીની સંખ્યાના નાના જૂથમાં અગાઉથી નોંધણી કરાવી 'વિજ્ઞાનનો આનંદ (JOS)'પ્રયોગશાળામાં ભાગ લઇ શકે છે.પ્રયોગશાળામાં ભાગ લેવા માટે vascsc.jos@gmail.com પર ઇ-મેઇલ કરો અથવા પ્રયોગશાળાના અધિકારીનો મો.નં.09428405408 પર સંપર્ક કરો.

સાયન્સ એક્સપ્રેસની ટીમ આ પ્રતિષ્ઠિત પ્રદર્શનની મોટાપાયે પ્રસિધ્ધિ માટે લાગતા વળગતા વિભાગો, પ્રચાર માધ્યમો, સંસ્થાઓ અને વ્યક્તિઓના સહકારની અપેક્ષા રાખે છે, જેથી કરીને મોટી સંખ્યામાં મુલાકાતીઓ એનો લાભ લઇ શકે અને કાર્યક્રમને ભવ્ય સફળતા મળે.

નોંધ :

- પ્રદર્શનની મુલાકાત દરેક વ્યક્તિ લઇ શકે છે.
- પ્રદર્શન જોવા માટે કોઇ પ્રવેશ ફી નથી.
- સાયન્સ એક્સપ્રેસમાં મોબાઇલ, કેમેરા, થેલા, દિવાસળીની પેટી, સિગારેટ, બીડી, તમાકુ, પાણીની બોટલો કે અન્ય કોઇ પ્રવાહી અને કોઇપણ તીક્ષ્ણ અણીદાર વસ્તુઓ લઇ જવાની મનાઇ છે.
- સ્થળ : જે-તે શહેરનું રેલ્વે સ્ટેશન
- પ્રદર્શન સમય : સવારે 10.00 થી સાંજે 5.00 સુધી
- જે-તે મુકામોની તારીખ માટે સાયન્સ એક્સપ્રેસનું સમયપત્રક જોવું.

નોંધ : શાળા અને કોલેજનાં વિદ્યાર્થીઓને પ્રદર્શન સ્થળ પર સ્કૂલ બેગ ન લાવવા વિનંતી.

06જાન્યુઆરી 2015

**સાયન્સ એક્સપ્રેસ – બાયોડાયવર્સિટી સ્પેશિયલ - સમયપત્રક**

| અનુ.નં. | સ્ટેશન | પ્રદર્શન તારીખ | અનુ.નં. | સ્ટેશન | પ્રદર્શન તારીખ |
|---|---|---|---|---|---|
| 1. | દિલ્હી સફદરજંગ | 28 જુલાઇ 2014 | 29 | ગુંટુર | 31 ઓક્ટોબર -05 નવેમ્બર 2014 |
| 2. | કુરુક્ષેત્ર | 29 જુલાઇ- 01 ઓગષ્ટ 2014 | 30 | ધરમાવરમ્ | 06 – 09 નવેમ્બર 2014 |
| 3. | લુધિયાના | 02-05 ઓગષ્ટ 2014 | 31 | વ્હાઇટફિલ્ડ (બેંગલુરુ) | 10 – 13 નવેમ્બર 2014 |
| 4. | ઉધમપુર | 06 - 08 ઓગષ્ટ 2014 | 32 | જોલ્લારપેટ્ટાઇ | 14 – 16 નવેમ્બર 2014 |
| 5. | બજાલતા | 09 - 11 ઓગષ્ટ 2014 | 33 | સેલમ ટાઉન | 17 નવેમ્બર 2014 |
| 6. | તરણ તારણ | 12 - 14 ઓગષ્ટ 2014 | 34 | થંજાવુર | 18 – 19 નવેમ્બર 2014 |
| 7. | રૂડકી | 16 - 18 ઓગષ્ટ 2014 | 35 | ઈરોડ | 20 – 23 નવેમ્બર 2014 |
| 8. | મેરઠ છાવની | 19 - 22 ઓગષ્ટ 2014 | 36 | થ્રિશુર | 24 – 26 નવેમ્બર 2014 |
| 9. | નઝિબાબાદ | 23 - 25 ઓગષ્ટ 2014 | 37 | કોલ્લમ | 27 – 30 નવેમ્બર 2014 |
| 10. | લાલકુઆ | 26 - 29 ઓગષ્ટ 2014 | 38 | શોરાનુર | 01 – 03 ડિસેમ્બર 2014 |
| 11 | શાહજહાનપુર | 30 ઓગષ્ટ -01 સપ્ટેમ્બર 2014 | 39 | કાસરગોડ | 04 – 07 ડિસેમ્બર 2014 |
| 12 | ઉનાવ | 02 – 04 સપ્ટેમ્બર 2014 | 40 | ધારવાડ | 09 – 12 ડિસેમ્બર 2014 |
| 13 | બસ્તી | 05 – 07 સપ્ટેમ્બર 2014 | 41 | કરાડ | 13 – 16 ડિસેમ્બર 2014 |
| 14 | ગાંઝિપુર સીટી | 08 – 11 સપ્ટેમ્બર 2014 | 42 | ખડકી (પૂને) | 17 – 20 ડિસેમ્બર 2014 |
| 15 | સોનપુર | 12 – 14 સપ્ટેમ્બર 2014 | 43 | નાસિક રોડ | 21 – 24 ડિસેમ્બર 2014 |
| 16 | ઠાકુરગંજ | 15 - 16 સપ્ટેમ્બર 2014 | 44 | રતલામ | 26 – 28 ડિસેમ્બર 2014 |
| 17 | ફકીરાગ્રામ | 17 સપ્ટેમ્બર 2014 | 45 | ચિત્તોડગઢ઼ | 29 ડિસેમ્બર -01જાન્યુઆરી2015 |
| 18 | લુમડિંગ | 18 - 20 સપ્ટેમ્બર 2014 | 46 | સવાઇ માધોપુર | 02 – 05જાન્યુઆરી 2015 |
| 19 | ન્યુ મલ જંક્શન | 22 સપ્ટેમ્બર 2014 | 47 | હિસાર | 06 – 09જાન્યુઆરી 2015 |
| 20 | એકલાખી | 23 – 24 સપ્ટેમ્બર 2014 | 48 | રતનગઢ઼ | 10 – 12જાન્યુઆરી 2015 |
| 21 | બરાસાત (કોલકત્તા) | 25 – 28 સપ્ટેમ્બર 2014 | 49 | લાલગઢ (બિકાનેર) | 13 & 15જાન્યુઆરી 2015 |
| 22 | ચક્રધરપુર | 29 સપ્ટેમ્બર - 01 ઓક્ટોબર 2014 | 50 | દેગાના | 16 – 19 જાન્યુઆરી 2015 |
| 23 | બિલાસપુર | 03 – 06 ઓક્ટોબર 2014 | 51 | સામદ્રી | 20 – 22જાન્યુઆરી 2015 |
| 24 | કટની મુરવારા | 07 – 09 ઓક્ટોબર 2014 | 52 | ગાંધીધામ | 23 – 25જાન્યુઆરી 2015 |
| 25 | સૌગોર (સાગર) | 10 – 13 ઓક્ટોબર 2014 | 53 | વાંકાનેર | 27 – 29જાન્યુઆરી 2015 |
| 26 | અમરાવતી | 15 – 18 ઓક્ટોબર 2014 | 54 | ધ્રાંગધ્રા | 30 – 31જાન્યુઆરી2015 |
| 27 | કુમહારી (રાઇપુર) | 19 – 22 ઓક્ટોબર 2014 | 55 | વિરમગામ | 01 – 03 ફેબ્રુઆરી 2015 |
| 28 | તિતલાગઢ | 24-29 ઓક્ટોબર 2014 | 56 | ગાંધીનગર (કેપિટલ) | 04 – 06 ફેબ્રુઆરી 2015 |

06જાન્યુઆરી 2015